# ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય

# વિદ્યાર્થી ક્યારે શીખે ?




- વિદ્યાર્થીનું ધ્યાન શિક્ષકની તરફ હોવું જોઈએ ó
  પરંતુ વિદ્યાર્થી શિક્ષકની તરફ ક્યારે ધ્યાન આપે ?

- જયારે વિદ્યાર્થીને રસ પડે ત્યારે

શિક્ષક એવું તો શું કરે કે જેથી વિડ્યાર્થને રસ પડે અને તે ધ્યાન આપે ?





- શિક્ષકે વધુમાં વધુ પ્રવૃત્તિ કરવી જોઈએ
- શિક્ષકે વધારે પદ્ધતિથી શીખવવું પડશે
- પોતાના વર્તનમાં વારંવાર પરિવર્તન કરવું પડશે જેને આપને ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય કહીશું .






# ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનો અર્થ

- શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત કરવું અને તેને લાંબા સમય સુધી ટકાવી રાખવા શિક્ષકના વર્તનમાં સમજદારી પૂર્વક પરિવર્તન કરવાના કૌશલ્યને ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય કહે છે.





# ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનું મહત્વ

- શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.
- વર્ગનું વાતાવરણ જીવંત અને રસમય બનાવી શકાય છે.



- વિદ્યાર્થીની શીખવાની ક્ષમતામાં વધારો થાય છે.
- શીખેલું વિષયવસ્તુ લાંબો સમય યાદ રહે છે.
- શીખવામાં સમય ઓછો લાગે છે.
- વિદ્યાર્થી વધુ સક્રિય બને છે.
- શિક્ષકનું પ્રત્યાયન વધુ અસરકારક બને છે.




# ઉત્તેજના પરિવર્તન કૌશલ્યના ઉત્તેજકો

- હલનચલન - **Movement**
- હાવભાવ - **Gestures**
- વાણીમાં આરોહઅવરોહ – **Change in Speech Pattern.**
- ધ્યાનકેન્દ્રીકરણ - **Focusing**
- વિરામ – **Pausing**
- વર્તનવ્યવહારની શૈલી – **Change in Interaction pattern**
- શાબ્દિક-અશાબ્દિક પરિવર્તન – **Oral Visual Switching**

# ઉત્તેજકો શા માટે ?

- વિદ્યાર્થીનું ધ્યાન આકર્ષિત કરવા અને સમજ વિકસાવવા માટે
- શિક્ષકે શક્ય એટલા જરૂરી વધુ ઉત્તેજકોનો ઉપયોગ કરવો પડશે
- ઉત્તેજકોનો ઉપયોગ હેતુપૂર્વક, સમજદારી સાથે કરવો જોઈએ.





# કેવા ઉત્તેજકો ?



## ૧- હલનચલન

- કા.પા. પર લખવા જવું – આકૃતિ દોરવા જવું
- કા.પા. પર લખેલી વિગત દર્શાવવા જવું
- ચાર્ટ – નકશા પાસે જવું
- વિદ્યાર્થીને પ્રોત્સાહન આપવા માટે જવું
- વિદ્યાર્થીનું ધ્યાનકેન્દ્રિત કરવા હલનચલન કરવું – જગ્યા બદલવી



# ૨ – હાવભાવ




વિષયવસ્તુ અને કથન મુજબ હાવભાવ હોવા જોઈએ

દા.ત.

- આંખોથી - ગુસ્સો
- ચહેરાથી – હાસ્ય
- હાથના ઇશારાથી – કદ કે લંબાઈ

કથનની સાથે હાવભાવ થાય તો વિદ્યાર્થી વધુ ઇન્દ્રિયોથી શીખે છે






# હાવભાવ ક્યારે ?



- સ્થાન બતાવવા માટે – ઉપર, નીચે, ડાબી, જમણી ડાઇ, બાઈ.....
- આકાર બતાવવા માટે – પૃથ્વી ગોળ છે
- કદ બતાવવા માટે – નાનું – મોટું
- ગતિ માટે – ધીમી , ઝડપી
- લાગણી બતાવવા માટે – દુ:ખ , ચિંતા, ક્રોધ, આનંદ
- સૂચન કરવા ( ઇશારાથી)– અહી આવો , ઉભા થાવ, બહાર જાવ





# 3 – આરોહ-અવરોહ

- અવાજને ઉપર નીચે કરીને ભાવ વ્યક્ત કરી શકાય છે
- વાક્ય કે ચોક્કસ શબ્દો પર ભાર મૂકીને
- કથનમાં જે ભાવ હોય તે પ્રમાણે વાણીમાં આરોહ-અવરોહ હોવો જોઈએ
  – જેમકે દુ:ખ , ગુસ્સો, આનંદ



# ૪- ધ્યાન કેન્દ્રીકરણ

વિદ્યાર્થીનું ધ્યાન ચોક્કસ બાબત પર ખેંચવા માટેની બે રીત

– શાબ્દિક

– અશાબ્દિક

# ૪.૧ શાબ્દિક ધ્યાન કેન્દ્રીકરણ



- ધ્યાનથી જૂઓ
- ધ્યાન રાખો
- પછી શું થયું ? / હશે ?
- આ ખાસ બાબત છે
- ધ્યનથી જૂઓ
- આ ચિત્રને જૂઓ
- બરાબર સંભાળજો



# ૪.૨ અશાબ્દિક ધ્યાન કેન્દ્રીકરણ

- શબ્દનો ઉપયોગ કર્યા વિના – શરીરના અંગોથી – હાવભાવથી
- કા.પા. પર મહત્વની બાબત લખીને
- કા.પા. પરના લખાણમાં ચોક્કસ શબ્દ નીચે લીટી દોરીને
- રંગીન ચોકનો ઉપયોગ કરીને
- આકૃતિ દોરીને
- ચોક્કસ બાબત કે વસ્તુ આંગળીના ઈશારે બતાવીને








# ૪.3 શાબ્દિક અશાબ્દિક સંયુક્ત

- કા.પા. પર આકૃતિ દોરતી વખતે બોલતા જવું
- કા.પા. પર કે અન્ય ચાર્ટ દર્શાવતી વખતે બોલવું … અહી જૂઓ – આમ કરો
- નકશા કે ચાર્ટ પર પોઈન્ટર રાખીને બોલવું





# ૫- વિરામ




શિક્ષક પોતાના કથન દરમિયાન વચ્ચે બે-ચાર સેકન્ડ માટે થોભી જાય

( થાક લાગવાથી કે વિષયવસ્તુ ભૂલી જવાથી ... નાં ચાલે )

- શિક્ષકના થોડા વિરામથી વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત થાય છે
- વધુ સમય માટેનો વિરામ વિદ્યાર્થીનું ધ્યાન ભંગ કરે છે
- વર્ગમાં કોલાહલ કે વાતો કરતા વિદ્યાર્થીને બંધ કરવા માટે



# વિરામ ક્યારે કરાય ...?

- લાંબુ કથન કરતી વખતે
- પ્રશ્ન પૂછ્યા પછી
- સ્પષ્ટીકરણ કરતી વખતે
- કા.પા. પર લખતી વખતે
- હલનચલન દરમિયાન



# ૬- વર્ગવ્યવહારમાં પરિવર્તન

- શિક્ષક-વિદ્યાર્થી , વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે થતા પ્રત્યાયનને વર્ગવ્યવહાર કહે છે
- જેનાથી વર્ગનું વાતાવરણ જીવંત બને છે
- વિદ્યાર્થીને પ્રોત્સાહન મળે છે
- વિદ્યાર્થીનો સહકાર મળે છે
- વિદ્યાર્થીને પ્રોત્સાહન મળે છે
- વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધે છે
- વિદ્યાર્થીનો  શીખવા માટે રસ વધે છે







# ૭- શાબ્દિક-અશાબ્દિક પરિવર્તન

- શિક્ષક વર્તનમાં પરિવર્તન કરીને વર્ગમાં વાતાવરણ જીવંત અને રસમય બનાવી શકે છે
- એક જ પ્રકારના વર્તનથી વિદ્યાર્થી બેધ્યાન અને નીરસ બને છે

  – ચાર પ્રકારના વર્તન પરિવર્તન કરીશું
    - શાબ્દિકથી શાબ્દિક
    - શબ્દીકથી અશાબ્દિક
    - અશાબ્દીકથી શાબ્દિકઅશાબ્દીકથી અશાબ્દિક

# ૭.૧ શાબ્દિકથી શાબ્દિક

- ક્રિયા શાબ્દિક જ હોય છે પણ પ્રક્રિયા અલગ હોય છે
- જેમ કે,
  - કથન કરતા કરતા પ્રશ્ન પૂછવો
  - પ્રશ્ન પૂછ્યા પછી કથન કરવું
  - પ્રશ્ન પૂછ્યા પછી સૂચન કરવું
  - વાંચન કરીને પ્રશ્ન પૂછવો
  - સૂચન કર્યા પછી પ્રશ્ન પૂછવો કે કથન કરવું
  - પ્રશ્ન –કથન – પ્રશ્ન
  - કાવ્યગાન – કથન – કાવ્યગાન – પ્રશ્ન

# ૭.૨ શાબ્દિકથી અશાબ્દિક


- કથનથી કા.પા.
- કથનથી ચિત્ર
- પ્રશ્નથી નકશો
- કથનથી ફિલ્મ
- વાંચનથી વસ્તુ
- પ્રશ્નથી આકૃતિ



# ૭.3 અશાબ્દિકથી શાબ્દિક

- કા.પા.થી કથન
- કા.પા.થી પ્રશ્ન
- નકશો/ચાર્ટ થી કથન/પ્રશ્ન





# ૭.૪ શાબ્દિક-અશાબ્દિક-શાબ્દિક

- આકૃતિ-કથન-કા.પા.......... (અશાબ્દિક – શાબ્દિક – અશાબ્દિક )
- કથન – ચિત્ર – પ્રશ્ન ................(શાબ્દિક-અશાબ્દિક-શાબ્દિક)
- કથન-આકૃતિ-કથન-વસ્તુ-પ્રશ્ન-કથન .... તો ?.....



# આભાર

